# પશ્ચિમ ગુજરાત વિજ કંપની

## કાર્યપાલક ઈજનેરની કચેરી (સં.અને નિ.)
## વિભાગીય કચેરી, બોટાદ.

# ટેન્ડર

**વિભાગીય કચેરી, બોટાદ માટે જુદા જુદા સ્ટોર્સ સેન્ટર પરથી માલસામાન લાવવા / લઈ જવાનું વાહન ભાડાનું ટેન્ડર પત્રક.**

પ્રતિ, ____________________________

____________________________

____________________________

____________________________

# પશ્ચિમ ગુજરાત વિજ કંપની લી.
## વિભાગીય કચેરી, બોટાદ.

કામનું નામઃ– બોટાદ વિભાગીય કચેરી માટે જુદા જુદા સ્ટોર્સ સેન્ટર પરથી માલસામાન લાવવા/લઈ જવા માટેના વાહન ભાડાનું કામ વાર્ષિક ધોરણે.

સંદર્ભઃ– (૧)બીટીડીએન/ટેક–૫/ટે.નો/૫૩ર તા.ર૫.૧.ર૦૧ર
(ર)એપ્રુવલ નં.બીટીસીઓ/ટેક/૪૩૪ તા.ર૭.૧.ર૦૧ર

| | | | |
|---|---|---|---|
| (૧) | અંદાજીત ખર્ચ રૂા. | :– | રૂા.૫,૦૦,૦૦૦/– |
| (ર) | ઈ.એમ.ડી.રકમ રૂા. | :– | રૂા.૫,૦૦૦/– |
| (૩) | સીકયુરીટી ડીપોઝીટ રૂા. | :– | ૫% ઓર્ડર કિંમતનાં |
| (૪) | કોરા ટેન્ડર આપવાની છેલ્લી તારીખ. | :– | ૩૦.૧.ર૦૧ર થી ૧૭.ર.ર૦૧ર બપોરે ૧૪.૦૦ વાગ્યા સુધી |
| (૫) | ભરેલુ ટેન્ડર સ્વીકારવાની છેલ્લી તારીખ. | :– | ૧૭.ર.ર૦૧ર બપોરે ૧૪.૦૦ વાગ્યા સુધી |
| (૬) | ટેન્ડર ખોલવાની તારીખ | :– | ૧૭.ર.ર૦૧ર ૧૬ કલાકે (શકય હશે તો) |
| (૭) | ટેન્ડર ફી રોકડેથી | :– | રૂા.૧૦૦૦/– ટપાલથી રૂા.૧૦૫૦/– |
| (૮) | સમય મર્યાદા | :– | એક વર્ષ |

ટેન્ડર ફી તથા ઈ.એમ.ડી.ની રકમ રોકડેથી અથવા કોઈપણ રાષ્ટ્રીયકૃત બેન્કના ડીમાન્ડ ડ્રાફટથી પ.ગુ.વિ.કાું.લી., બોટાદના નામે આપવાની રહેશે. ચેક કે બેન્ક ગેરંટી સ્વીકારવામાં આવશે નહીં . ટેન્ડર ફી તથા ઈ.એમ.ડી.ની રકમ તા. ૩૦.૧.ર૦૧ર થી ૧૭.ર.ર૦૧ર બપોરે ૧૪.૦૦ વાગ્યા સુધીમાં ભરવા ની રહેશે.ટેન્ડર કોપી કંપનીની વેબસાઈટ www.pgvcl.com પરથી ડાઉનલોડ કરવાની રહેશે.

પ્રતિ,

________________
________________
________________
________________

ઈ.એમ.ડી. રૂા. ________
એમ.આર.નં. ________
ટેન્ડર ફી રૂા. ________
એમ.આર.નં. ________

હિસાબી અધિક્ષક(ખર્ચ)
પ.ગુ.વિ.કાું.લી.,બોટાદ.

કાર્યપાલક ઈજનેર(સં.નિ.)
પ.ગુ.વિ.કાું.લી.,બોટાદ.

# પશ્ચિમ ગુજરાત વિજ કંપની લી.
## વિભાગીય કચેરી, બોટાદ.

વિભાગીય કચેરી,બોટાદ માટે જુદા જુદા સ્ટોર્સ સેન્ટર પરથી માલસામાન લાવવા–લઈ જવા અંગે સામાન્ય શરતો નીચે મુજબ છે. જે વાહન ભાડે આપનાર ઠેકેદાર–એક બાજુ અને બીજી બાજુ–કાર્યપાલક ઈજનેરશ્રી, પ.ગુ.વિ.કું.લી.ની સાથે કરાર કરવાનો રહેશે.

---

(૧) બોટાદ વિભાગીય કચેરીના કાર્યક્ષેત્ર માટે ઓછામાં ઓછુ ૬ ટન કે તેથી વધુ કેપેસીટીનું ટ્રક/ આઈશર તમારા લાયસન્સ ધરાવતા અનુભવી ડ્રાઈવર સાથે કોન્ટ્રાકટ પર આપવાનુ છે.

(૨) ટ્રક/ આઈશર આર.ટી.ઓ.ના નિયમ અનુસાર ઓન રોડ હોવી જરૂરી છે. તથા આર.ટી.ઓ. માન્ય ૬ ટન કે તેથી વધુ કેપેસીટી લોડીંગ માટે પાસીંગ હોવુ જરૂરી છે તેમજ વાહનને લગતા તમામ ટેક્ષ, પોલ્યુશન કંટ્રોલ સર્ટીફીકેટ, ઈન્સ્યુરન્સ વગેરે ભરવા અંગેની જવાબદારી જે તે ઠેકેદારની રહેશે. કસુર થયે આર.ટી.ઓ.તરફથી જે કાંઈ કાર્યવાહી થાય તેની જવાબદારી જે તે ઠેકેદારની રહેશે. ઈન્સ્યુરન્સ પોલીસીની મુદત કોન્ટ્રાકટ સમય દરમ્યાન પુરી થતી હોય તો તે સમયસર રીન્યુ કરવાની જવાબદારી વાહન ભાડે આપનારની રહેશે.

(૩) વાહન નુ રજિસ્ટ્રેશન ટેન્ડર ખોલવાની તારીખ થી બે વર્ષ થી વધારે જુનુ ન હોવુ જોઈએ. વાહનની સ્થિતિ આ ઓફીસના સંતોષ મુજબની હોવી જરૂરી છે.

(૪) જેમના નામે વાહન રજીસ્ટર્ડ થયેલ હશે તેઓને જ ટેન્ડર આપવામાં આવશે તેમજ ટેન્ડર ભરી શકશે.

(૫) વાહન સંપૂર્ણ પણે ચાલુ સ્થિતિમાં, સ્વચ્છ અને સુઘડ રાખવાનું રહેશે. તથા વાહન સાથે જરૂરી વધારાની આઇટમ જેમ કે સ્પેર વ્હીલ, જેક, વી બેલ્ટ તથા અન્ય મરામતનો જરૂરી માલસામાન રાખવાનો રહેશે.

(૬) ટ્રક/ આઈશર જે અમારા અધિકૃત વ્યકિતની સુચના અનુસારની જે તે જગ્યાએ લઈ જવાની રહેશે. તથા તે પ્રમાણે રોકાણ કરવાનું રહેશે. વાહન ઉપર આઠ કલાકથી વધારાના સમય માટે બે ડ્રાઈવર રાખવાના રહેશે. ડ્રાઇવરે દરેક વ્યકિત સાથે સભ્યતાથી વર્તવાનું રહશે. ગેરવર્તુણકનો રિપોર્ટ થયેથી તાત્કાલિક અસરથી નોટીસ આપ્યા વગર ગમે ત્યારે કોન્ટ્રાકટ રદબાતલ કરવામાં આવશે. જે અંગે કોન્ટ્રાકટર કોઇ વાંધો ઉઠાવી શકશે નહી.

(૭) કોન્ટ્રાકટરે વાહનની લોગબુક રોજે રોજ લખવાની રહેશે. જરૂરી કોન્ટ્રાકટરે તેનું ભાડાનું બીલ પ્રત્યેક માસે ત્રણ નકલમાં નીચેની વિગતો સાથે આપવાનું રહેશે. જેનુ પેમેન્ટ બીલ આપ્યા પછી ત્રીસ દિવસની અંદર શકય હશે તો કરવામાં આવશે. ધારાધોરણ મુજબ ઈન્કમટેક્ષ કાપવામાં આવશે.

(૮) ટ્રક/ આઈશર બોર્ડના અધિકૃત અધિકારી માંગે ત્યારે અને તેટલા સમય માટે આપવાનો રહેશે.

(૯) ઉપરોકત કોન્ટ્રાકટ માટેની સમય મર્યાદા એક વર્ષની અથવા ટેન્ડર રૂા.૫,૦૦,૦૦૦/–(અંકે રૂપિયા પાંચ લાખ પુરા) બીલ સુધીનું બે માંથી જે વહેલા પુરૂ થાય તે પ્રમાણે રહેશે. આ ઓફીસને જરૂર જણાશે તો આ વર્કઓર્ડરની સમય મર્યાદા તેમજ રકમ વધારાના એક વર્ષ માટે પરસ્પર સમજુતીથી આ જ શરતો મુજબ વધારી આપવામાં આવશે.

(૧૦) અન્ય સંજોગોમાં ઠેકેદારની ટ્રક/ આઈશર બોટાદ વિભાગીય કચેરીના કાર્યક્ષેત્રની બહાર લઈ જવાની જરૂરત ઉભી થાય તો ભરેલા ભાવે જ આપવી પડશે. વળી આ જ ગામના અન્ય કચેરી સાથે જોડાયેલ અન્ય ઓફીસના કામ માટે અથવા અન્ય ઓફીસના દેખરેખ હેઠળ ફેરબદલી કરવાની સત્તા નીચે સહી કરનાર અધિકારીની રહેશે.

(૧૧) આ કામ માટે અર્નેસ્ટ મની ડીપોઝીટ (ઈ.એમ.ડી.) પેટે રૂા.૫,૦૦૦/– અમારી બોટાદ વિભાગીય કચેરીએ ભરવાના રહેશે. ઠેકેદાર અધુરૂ કામ છોડી અથવા અન્ય શરતોનો ભંગ કરતો જણાશે તો તે જપ્તીને પાત્ર છે.

(૧૨) કોન્ટ્રાકટ રાખનારે સીકયોરીટી ડીપોઝીટ પેટે ઓર્ડરની રકમના ૫% લેખે રોકડેથી અથવા ડીમાન્ડ ડ્રાફટથી આપવાના રહેશે.

(૧૩) કરારની મુદત દરમ્યાન જો કચેરીને કંપની તરફથી અન્ય વાહન ફાળવવામાં આવશે અથવા કોઈ સંજોગોવશાત જરૂર પડશે તો તાત્કાલીક ધોરણે નોટીસ આપી કરાર રદ કરવાની સત્તા કચેરીને રહેશે.

(૧૪) ડીઝલ વાહન તથા ડ્રાઈવરનો નિભાવ ખર્ચ કોન્ટ્રાકટરે ભોગવવાનો રહેશે.

(૧૫) આ કરાર અંગેની ઈન્ડેમીનીટી બોન્ડ રૂા.૧૦૦/– તથા રૂા.૧૦૦/– ના સ્ટેમ્પ પેપર પર એગ્રીમેન્ટ ઓર્ડરના અમલ થયા પહેલા રજૂ કરવું જરૂરી છે.

(૧૬) ઠેકેદારની ટ્રક/ આઈશર ડ્રાઈવર અનુભવી, લાયસન્સ ધરાવતો તેમજ ભાડાની ગાડી ચલાવવા માટેનો બેઝ ધરાવતો હોવો જરૂરી છે. તથા જે તે વિસ્તારના રસ્તાઓનું જ્ઞાન હોવુ જરૂરી છે. ડ્રાઈવરની ઉમર ૪૦ વર્ષથી નીચી ઈચ્છનીય છે. પરંતુ ૫૫ વર્ષથી વધુ ન હોવી જોઈએ. આ ઉપરાંત ડ્રાઇવરે કોઇપણ જાતના કેફી પદાર્થનું સેવન કરવાનું નથી તેમજ સાથે રાખવાના નથી.

(૧૭) સરકારી પ્રવર્તમાન અથવા ભવિષ્યમાં લાગુ પડતા તમામ ટેક્ષ/ વેરાની જવાબદારી કોન્ટ્રાકટરની રહેશે. ટોલ ટેક્ષ પહોચ રજુ કર્યેથી અલગથી ચુકવવામાં આવશે. ટોલ ટેક્ષની પાવતી ઉપર સાથે મુસાફરી કરનાર અધિકારી પાસે એપ્રુવડ કરાવવાનું રહેશે. તથા તેના નાંણા જેતે મહિનાના બીલ સાથે ઓરીજીલ પહોચ રજુ કરી માંગણી કરવાની રહેશે. જે બીલ સાથે ચુકવી આપવામાં આવશે.

(૧૮) ઠેકેદાર તેના વાહનમાં અધિકૃત અધિકારીની સુચના મુજબ અમારી કચેરીના માણસોને માલસામાન લઈ જવા દેવા પડશે.

(૧૯) ઠેકેદારને તેનું બીલ માઈલોમીટર મુજબ કી.મી./ટ્રીપ મુજબ આપવામાં આવશે. જો તે કોઈપણ સંજોગોમાં મીટર બંધ રહેશે અથવા અયોગ્ય રીતે ફરતુ જણાશે તો તે કી.મી.ની ગણતરી કાર્યપાલક ઈજનેર, બોટાદની સુચના મુજબ ગણવામાં આવશે.

(૨૦) ઠેકેદારને જો ઉપરોકત કામ માટે ઓર્ડર આપવામાં આવશે તો તેને ઓર્ડર મળ્યેથી દિવસ–૭ માં અમલ કરવાનો રહેશે. તથા શરત નં.૧૫ પૂર્તતા કરવાની રહેશે.

(૨૧) મુસાફરી દરમ્યાન વાહનને કે તેમા બેઠેલા પીજીવીસીએલના સ્ટાફને કે ત્રાહિતને નુકશાનકર્તા કોઇપણ જાતનો અકસ્માત થશે તો તેની તમામ પ્રકારની આર્થીક અને કાયદાકીય જવાબદારી કોન્ટ્રાકટરની રહેશે. જે બદલ ઇન્ડેમ્નીટી બોન્ડ કરી આપવાનું રહેશે. અને જરૂરી વીમો લેવાનો રહેશે.

(૨૨) ડીઝલના ભાવ વધારાનો તફાવતઃ પ્રવર્તમાન ડીઝલનો ભાવ રૂા.............. પૈસા છે. આ કોન્ટ્રાકટના અમલ દરમ્યાન જો ડીઝલના ભાવમાં વધારો/ઘટાડો થાય તો ભાડાની મુકેલ વાહનને કંપનીના નિયમ મુજબ સપ્રમાણ ભાવ વધારો/ઘટાડો પ્રતિ કી.મી.ના ભાવમાં આપવામાં/કાપવામાં આવશે.

(૨૩) ઉપરોકત શરતો અંગે જો કોઈપણ વાંધો અથવા મતભેદ જણાશે તો તે અંગેનો નિર્ણય લેવાની સત્તા નીચે સહી કરનાર અધિકારીની રહેશે. તથા કાર્યક્ષેત્ર બોટાદ રહેશે.

(૨૪) ઉપરોકત ટ્રક/ આઈશર કાર્યપાલક ઈજનેરની સુચના પ્રમાણે ફેરવવાની રહેશે. અને કાર્યપાલક ઈજનેરશ્રીની સુચના વગર કોઈપણ ફેરો માન્ય ગણવામાં આવશે નહીં.

(૨૫) શરતી અથવા ચેકચાકવાળુ ટેન્ડર રદ થવાને પાત્ર રહેશે.

(૨૬) કોન્ટ્રાકટર તરફથી મુકવામાં આવેલ વાહન માટે નાઈટ હોલ્ટ ચાર્જ ચુકવવામાં આવશે નહીં.

(૨૭) કોઈપણ ટેન્ડર અથવા બધા જ ટેન્ડર કારણ આપ્યા સિવાય રદ બાતલ કરવાની અબાધીત સત્તા નીચે સહી કરનાર અધિકારીની રહેશે.

(૨૮) ઉપરોકત કોઈપણ શરતોનો ભંગ થતો જણાશે તો કોઈપણ કારણ આપ્યા સિવાય ટેન્ડર તથા ઓર્ડર રદ કરવાની સત્તા નીચે સહી કરનાર અધિકારીની રહેશે.

(૨૯) ટેન્ડર ટપાલમાં મોડુ પહોંચશે તો તેની જવાબદારી ઠેકેદારની રહેશે. મોડુ મળેલ ટેન્ડર સ્વીકારવામાં આવશે નહીં.

(૩૦) કંપનીનાં ધારાધોરણ મુજબ કોન્ટ્રાકટરે આ સિવાયની અન્ય શરતોનું પાલન કરવાનું ફરજીયાત છે.

(૩૧) રજીસ્ટર પોસ્ટ એ.ડી. / સ્પીડ પોસ્ટ થી મોકલેલ ટેન્ડર જ માન્ય ગણાશે. કુરીયરથી મળેલ ટેન્ડર સ્વીકારવામાં આવશે નહીં.

(૩૨) ઉપરોકત શરતો તથા પ.ગુ.વિ.કું.લી.ના કોન્ટ્રાકટ હેઠળ આવતી તમામ શરતો મેં વાંચી છે, સમજી છે અને મને બંધનકર્તા રહેશે.

ઠેકેદારનું નામ :– ____________________

સરનામું :– ____________________

____________________

____________________

____________________

વાહન નંબર અને મોડેલ :– ____________________

ઠેકેદારની સહી. :– ____________________

દર્શાવેલ ટેન્ડર શરતો નીચે સહી કરનારને અબાધિ રહેશે.

કાર્યપાલક ઈજનેર
પીજીવીસીએલ,વિભાગીય કચેરી,
બોટાદ.

# પશ્ચિમ ગુજરાત વિજ કંપની લી.
## વિભાગીય કચેરી, બોટાદ.

કામનું નામઃ– બોટાદ વિભાગીય કચેરી માટે જુદા જુદા સ્ટોર્સ સેન્ટર પરથી માલસામાન લાવવા લઈ જવાનું કામ વાર્ષિક ધોરણે.

કોન્ટ્રાકટરનું નામ :– ______________________________

વાહનનો નંબર અને મોડેલ :– ______________________________

| ક્રમ | કામની વિગત | જથ્થો અંદાજી | ભાવ/પ્રતિ કિમી | રકમ |
|---|---|---|---|---|
| ૧. | વિભાગીય કચેરી, બોટાદ માટે જુદા જુદા સ્ટોર્સ સેન્ટર પરથી માલસામાન લાવવા–લઈ જવાનું કામ. સ્થાનિક ટ્રીપઃ–બોટાદ લોકલ (અંદાજીત ૧૫ કી.મી. એકતરફી) | ૧ ટ્રીપ | | ૫૦૦૦૦૦ |
| ૨. | બોટાદ વિભાગીય કચેરી સ્ટોર ખાતેથી , માલસામાન અન્ય સ્ટોર સેન્ટર ખાતે લાવવા–લઈ જવા માટે વાહન ભાડે રાખવા માટેનો ભાવ. | પ્રતિ કિમી | | |

***નોંધઃ–***

(૧) ઉપરોકત દરેક ટ્રીપ અંદાજીત ૬ મે.ટન કે તેથી વધુ મે.ટનની કરવાની રહેશે.

(૨) ઉપરોકત દર્શાવેલ સ્ટોર્સ સેન્ટર સિવાયનાં બીજા માન્ય ટ્રાન્સફોર્મર બનાવતી કંપનીમાં ટ્રાન્સફોર્મર/ ઓઈલ/માલસામાન લઈ જવા માટે પ્રતિ કિ.મી./પ્રતિ ૬ મે.ટન કે તેથી વધુ મે.ટન લેખે ભાડુ/નુર ચુકવવામાં આવશે. જેના માટે ટુકામાં ટુંકા રસ્તે જવા માટેના કિ.મી. એન્જીનીયર ઈન્ચાર્જ જે ગણે તે માન્ય રહેશે.

(૩) ઉપરોકત દરેક ટ્રીપ એન્જીનીયર ઈન્ચાર્જની સુચના મુજબ તાત્કાલીક કરવાની રહેશે.

(૪) થયેલ કામનું બીલ દર માસે ચુકવવામાં આવશે. જેને માટે બીલ ત્રણ નકલમાં આપવાનું રહેશે.

(૫) પરિશિષ્ટમાં દર્શાવેલ કામનો જથ્થો અંદાજીત છે. તે જથ્થો વર્ષ દરમ્યાન વધવાનો કે ઘટવાનો પુરો અવકાશ રહેશે. અને થયેલ કામનું બીલ પરિશિષ્ટમાં દર્શાવેલ/મંજુર થયેલ ભાવ પ્રમાણે આપવામાં આવશે.

(૬) જરૂર જણાયે એન્જીનીયર ઈન્ચાર્જની સુચના મુજબ કામની અગત્યતાને ધ્યાને લઈ એક થી વધારે વાહન પુરા પાડવાના રહેશે.

સ્થળ :–

તારીખઃ–

કોન્ટ્રાકટરની સહીઃ–

કાર્યપાલક ઈજનેર
પ.ગુ.વિ.કં.લી., વિભાગીય કચેરી,
બોટાદ.